## પ્રકરણ ૯:ઉપસંહાર

ગુજરાતી દલિત સાહિત્યમાં દલપત ચૌહાણ એક અનેરું નામ છે.સમગ્ર શોધનિબંધના અભ્યાસમાંથી પસાર થતાં ગુજરાતી દલિત સાહિત્યમાં દલપત ચૌહાણના વિશિષ્ટ પ્રદાનની ઓળખ મળે છે.દલિત આંદોલનના ભાગરુપે અને તત્કાલીન પરીબળોને કારણે ગુજરાતી ભાષામાં નિર્માણ પામેલા ગુજરાતી દલિત સાહિત્યની ભોંયને મજબૂત બનાવવામાં દલપત ચૌહાણે પ્રતિબદ્ધતાપૂર્વક પોતાનું યોગદાન આપ્યું છે. સર્જકલક્ષી સંશોધનના મારા આ અભ્યાસને નવ પ્રકરણમાં વિભાજિત કરવામાં આવ્યો છે.પ્રથમ પ્રકરણમાં ગુજરાતી દલિત સાહિત્યની ગતિવિધિનો આલેખ આપવામાં આવ્યો છે.જેમાં ગુજરાતી દલિત સાહિત્યની ઓળખ માટે આરંભકાળમાં થયેલા પ્રયાસોની એના પરિબળો સાથે ચર્ચા કરવામાં આવી છે.દલિત કવિતા એવા નામકરણ સાથે આ સાહિત્યિક આંદોલનનો આરંભ થાય છે.શરુઆતમાં આપણને દલિત કવિતાના સંપાદનો મળે છે.ત્યારબાદ વ્યક્તિગત કાવ્યસંગ્રહો દલિત કવિઓ પાસેથી મળે છે.આરંભકાળની દલિત કવિતામાં ખુલ્લો આક્રોશ વ્યક્ત થયેલો જોવા મળે છે.તો મીથ અને પુરાકલ્પનના પ્રયોગો પણ કવિતામાં થયેલા જોવા મળે છે. દલિત કવિતામાં પ્રતીકરુપે સૂર્ય,પગ,અંધકાર,પડછાયો,રોટલી,ફૂલ,લાકડી,મશાલ,શાળ વગેરે આવે છે. જે તેની આગવી ઓળખ છે.તો પુરાકલ્પનનો વિનિયોગ દલિત કવિતામાં થયેલો જોવા મળે છે.અહી પુરાકલ્પન રુપે એકલવ્ય, શંબૂક, અહલ્યા, શકુંતલા, દુષ્યંત, કર્ણ, કૃષ્ણ, કબીર, જાબાલ, રામ, દ્રોણ, દુર્યોધન, વાલ્મીકિ, શૂર્પણખા, દુર્વાસા, ઈન્દ્ર, કીશા ગૌતમી જેવા પૌરાણીક પાત્રો આવે છે.દલિત કવિતામાં દલિત કવિઓએ એક અલગ ભાષાકર્મ કરેલું જોવા મળે છે.દલપત ચૌહાણ વણાટકામ કરતા દલિત વર્ગની ભાષાનું આલેખન પોતાની કવિતામાં કરે છે. દલપત ચૌહાણ,હરીશ મંગલમ,શંકર પેન્ટર જેવા સર્જકોની કવિતામાં ઉત્તર ગુજરાતની તળપદી ભાષા પ્રયોજાયેલી જોવા મળે છે.તો સાહિલ પરમારની કવિતાઓમાં લોકબોલીના લય-લઢણની સાથોસાથ વાસ્તવિક જગતનું ભાવ સૌન્દર્ય,લય સૌન્દર્ય અને ભાષાસૌન્દર્ય જોવા મળે છે. વ્યંગ્યાત્મક ભાષા/તીવ્ર કટાક્ષ એ દલિત કવિતાની વિશેષતા છે. દલિત કવિતામાં ગીત રચનાઓ ગુજરાતી ગીત કવિતાથી એક અલગ સંદર્ભ રચે છે.દલિત ગીત રચનાઓમાં નારી જીવનની યાતનામય વાસ્તવિકતાનું આલેખન થયેલું જોવા મળે છે.ડૉ.રાજેશ પંડ્યા નોંધે છે કે"દલિત ગીત રચનાઓમાં દલિત નારીના કૌટુંબિક અને સામાજિક બંને પ્રકારના શોષણને વાચા મળી છે.મુખ્યધારાના ગીત કવિઓએ સ્ત્રીની મુગ્ધ ભાવસ્થિતિઓનાં રંગદર્શી ગીતો લખ્યા છે તેની સામે દલિત કાવ્યધારાના ગીત કવિઓએ દલિત નારીના યાતનામય જીવન વિશે વાસ્તવલક્ષી ગીતો લખ્યાં.તેમાં ક્યાંક નારીસૌન્દર્યનું કાલ્પનિક કે રંગદર્શી નથી."[૪૧] દલિત કવિતામાં નારીજીવનનું આલેખન પણ વિશિષ્ટ રીતે થયેલુ જોવા મળે છે.અહી નારીના અસ્તિત્વની સાથે દલિત સમાજની નારીનું તેમજ તેના જીવનની વિવિધ અવસ્થાઓનું આલેખન થયેલું જોવા મળે છે.કાંતિલાલ મકવાણા,પ્રવીણ ગઢવી,સાહિલ પરમાર,દલપત ચૌહાણ,યશવંત વાઘેલા,ચંદ્રાબેન શ્રીમાળી,સરુપ ધ્રુવ,કિસન સોસા,મધુકાન્ત કલ્પિત,પથિક પરમાર,પ્રિયંકા કલ્પિત જેવા કવિઓ પાસેથી દલિત નારીજીવનની પીડાને અભિવ્યક્ત કરતી રચનાઓ મળે છે. ગાંધીજીને વિષયવસ્તુ બનાવતી રચનાઓ પણ દલિત કવિતાની એક ઓળખ છે.આવી રચનાઓ આપણને પ્રવીણ ગઢવી,દલપત ચૌહાણ,નીરવ પટેલ,હરીશ મંગલમ,કે.કે.વૈષ્ણવ,મંગળ પરમાર,વિજય

મજાદરી,હિમ્મત ખાંટસૂરિયા,પૂનમચંદ્ર પરમાર,મહેશચંદ્ર પંડયા,જ્યંતી પરમાર,પથિક પરમાર જેવા સર્જકો પાસેથી મળે છે.

દલિત કવિતામાં દલિતોની વ્યાવસાયિક પ્રવૃતિઓના શબ્દચિત્રો મળે છે.તો સમાજની સાંપ્રત ઘટનાઓનું આલેખન થયેલું જોવા મળે છે.દલિત હત્યાકાંડ,હિજરત,કોમવાદ,શોષણખોરી,વર્ગભેદ,બંધ મિલોની સમસ્યા,સફાઇકામ,ગરીબી,રથયાત્રા,છેતરપીંડી,નગર સંસ્કૃતિ,અત્યાચાર,બળાત્કાર જેવી ઘટનાઓનું આલેખન દલિતજીવનનાં પરિપ્રેક્ષ્યથી થયેલું છે. ઈ.સ.૧૯૮૦ના દાયકામાં કવિતા લખવાનું વલણ વિશેષ જોવા મળે છે.તો ઈ.સ.૧૯૯૦ના દાયકામાં વાર્તા,નવલકથા વગેરે કથાસાહિત્યનું ભરપુર સર્જન થયેલું જોવા મળે છે.એકવીસમી સદીના પ્રારંભે ગુજરાતી દલિત નાટ્યરચનાઓ પણ ગુજરાતી દલિત સાહિત્યમાં મળે છે.આત્મકથાક્ષેત્રે ગુજરાતી દલિત સાહિત્યમાં દૂકાળ જોવા મળે છે.મરાઠી દલિત સાહિત્યમાં જેમ આત્મકથા સર્જન થયેલુ છે એમ ગુજરાતી દલિત સાહિત્યમાં આત્મકથાનું સ્વરુપ વિશેષ ખેડાયું નથી જોકે,નવલકથા સ્વરુપની રચનાઓ દલિત સાહિત્યમાં વધારે મળે છે.

દલપત ચૌહાણ ગુજરાતી દલિત સાહિત્યના પ્રતિબદ્ધ સર્જક છે. દલિત સર્જકોની પ્રતિબદ્ધતાએ દલિત સાહિત્યના પ્રવાહને મજબૂત બનાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે. દલિત સાહિત્યના અભિયાનને સફળ બનાવવામાં જે કેટલાક પરિબળોએ ભાગ ભજવ્યો છે. એમાં ગુજરાતી દલિત સાહિત્યના પ્રારંભે દલિત લેખકોનો અનેરો ઉત્સાહ છે. અને દલપત ચૌહાણમાં દલિત સાહિત્યના આરંભકાળથી લઈને આજ દિન સુધી આ ઉત્સાહ બરકરાર રહેલો જોઈ શકાય છે.આઝાદી પહેલા જન્મેલા આ સર્જકે અસ્પૃશ્યતાનો કડવો અનુભવ પણ ઝેલ્યો છે. પ્રકરણ બેમાં સર્જક દલપત ચૌહાણના વ્યક્તિત્વ અને સર્જક ઘડતરના પરિબળોની ચર્ચા કરવામાં આવી છે. ઉત્તર ગુજરાતના મહેસાણા જીલ્લામાં મંડાલી નામના નાનકડા ગામમાં તેમનો જન્મ થયો હતો. પિતા વણાટકામનો ધંધો કરતા હતા. સમજ આવી ત્યારથી એટલે કે બાળપણથી જ પરિવારને આર્થિક રીતે મદદરુપ બનવા મજુરી કામમાં જોડાય છે. બાળપણમાં મજુરી દરમ્યાન થયેલા આભડછેટના કડવા અનુભવોની આપવીતી તેઓ પોતાની નવલકથાઓમાં આવતા દલિત બાળપાત્રોના આલેખન દ્વારા રજુ કરે છે. બાલ્યાવસ્થાથી જ આભડછેટ અને ઉચ્ચનીચની ઘટનાઓનો અનુભવ એમની કલમને ધારદાર બનાવવામાં મહત્વનો ભાગ ભજવે છે. સામંતશાહી પરિવેશમાં પોતાની બાલ્યાવસ્થા વિતાવનાર સર્જકને લગભગ દરેક દલિતને થાય છે એવા કડવા-માઠા પ્રસંગોનો અનુભવ તેમને થયો છે. પાણી માટે વલખા,પાણીની ભીખ માંગવી પડે આવા બધાં અનુભવો તેમને થયા છે. આઝાદી પછી તેમનો પરિવાર ગામડાની ચુંગાલમાંથી છૂટીને અમદાવાદ રહેવા આવે છે. અમદાવાદના મૂક્ત પરિવેશમાં વ્યક્તિત્વના વિકાસની ઘણી તકો તેમને મળે છે.

તેમના સાહિત્યિક ઘડતરનો પાયો અમદાવાદ શહેરમાં નંખાય છે. ગઝલ-મુશાયરા જેવા કાર્યક્રમોમાં તેઓ જતાં આવતા રહે છે. એમાં વળી પ્રવિણ ગઢવી,રમેશચંદ્ર પરમાર,યોગેશ દવે, નીરવ પટેલ જેવા કવિમિત્રોનો સાથ-સંગાથ મળે છે.આ બધા સાથે મળી ૧૯૭૮માં દલિત કવિતાના પ્રચારાર્થે દલિત પ્રતિબદ્ધ કવિતા 'આક્રોશ' નામનું ઋતુપત્ર પ્રકાશિત કરે છે. આ પહેલા દલપત ચૌહાણની પ્રથમ દલિત કવિતા 'વ્યથા' ઈ.સ.૧૭૩માં 'આર્તનાદ' માસિકમાં પ્રસિદ્ધ થાય છે.

પ્રકરણ ત્રણમાં કવિ દલપત ચૌહાણની કવિતાનો અભ્યાસ રજુ કર્યો છે. તેમની પાસેથી બે કાવ્યસંગ્રહો 'તો પછી' અને 'ક્યાં છે સૂરજ?' મળે છે. દલપત ચૌહાણની કવિતામાં દલિત સંવેદનના વિવિધ આયામો પ્રગટેલા જોઈ શકાય છે. જેમકે પ્રેમ સંવેદન અને દલિત સંવેદનનું સાયુજ્ય રજૂ કરતી 'માગશરની રાતે વાર્તાલાપ' આસ્વાદ્ય રચના બને છે.'વારાણસી' રચના આ રીતની જ દલિત સંવેદનાને રજૂ કરે છે. ગુજરાતી દલિત કવિતામાં એકલવ્ય વિશે ઘણાં કાવ્યો લખાયાં છે પણ દલપત ચૌહાણની 'એકલવ્ય' રચના વિશિષ્ટ છે.આ વિશે રાજેશ પંડ્યા નોંધે છે"એકલવ્ય વિશે તો ઘણાં દલિત કવિઓએ કાવ્ય લખ્યાં છે પરંતુ દલપત ચૌહાણના એકલવ્યનો આરંભ આંચકો આપે ને અંચબો જગવે તેવો છે" તો 'તકિયો' અને 'ચોર કોટવાળને દંડે' જેવી રચનાઓ તો એક જ ભાવસંવેદનને પ્રકારાન્તરે અભિવ્યક્ત કરે છે.તેમની પાસેથી અછાંદસ રચનાઓ વધુ મળે છે.દલિત સંવેદન તેમની કાવ્યરચનાઓમાં શિષ્ટ ભાષામાં વધારે રજૂ થયુ છે.

પ્રકરણ ચારમાં નવલકથાકાર દલપત ચૌહાણનો અભ્યાસ રજુ કર્યો છે. નવલકથાકાર તરીકે તેમની પાસેથી ચાર નવલકથાઓ મળે છે.'મલક','ગીધ','ભળભાંખળું' અને 'રાશવા સૂરજ'.હાલમાં જ તેમની પાસેથી 'બપોર' નવલકથા મળે છે. તો તેમની નવલકથા રચનાઓમાં અને દલિ કથાસાહિત્યમાં અલગ ભાત પાડતી 'ગીધ' નવલકથાનો અંગ્રેજી અનુવાદ પ્રોફેસર હેમાંગ અશ્વિનકુમાર દ્વારા 'Voltures' થયો છે જે વિશ્વની પ્રસિદ્ધ પ્રકાશન સંસ્થા પેગ્વિન રૅન્ડમ હાઉસ દ્વારા પ્રકાશિત થઈ છે.તેમની પ્રથમ નવલકથા 'મલક' નયામાર્ગમાં હપ્તાવાર છપાઈ હતી પણ એનું પ્રકાશન ઘણું મોડું થયુ હતું. દલિતોની હિજરતની પીડાને રજૂ કરતી આ રચના સાંબરડાથી સ્વમાનનગર જેવી વાસ્તવિક કરૂણ ઘટનાઓની પણ યાદ અપાવે છે. આઝાદી પૂર્વેના અને એ પછીના તરતના સમયના ગામડાના જીવનમાં દલિત સમાજને વેઠવી પડતી મૂશ્કેલીઓ,અસ્પૃશ્યતા,શોષણના વિધિ ક્ષેત્રો,લોકમાનસ,અને એના વૃતિ-લક્ષણો,રુઢિરિવાજો,આચાર-વિચાર અને બોલી સમેત જીવંત કરી આપ્યો છે.બિનદલિત લેખકોના હાથે જોવા મળતું દલિત જીવન કેટલું વિશાળ અને વ્યાપક છે. તેનો ખ્યાલ તેમની નવલકથાઓમાંથી પસાર થતા મળે છે.'મલક' નવલકથા સમૂહચેતનાને ઝીલે છે.તેની રચનારીતિ અલગ ભાત પાડે છે.દલિત ગ્રામજીવનને એના મૂળ રંગમાં પ્રગટાવવા પાત્રોના વાણી વ્યવહાર એની બોલીગત ખૂબીઓ સાથે આલેખ્યા છે. દલિતોના થતાં સામાજિક,આર્થિક તેમજ રાજકીય શોષણના ચિત્રને રજૂ કરે છે તો દલિત સમાજની સાથોસાથ અન્ય સમાજ સથેના તેના સંબંધો,બિનદલિત વિવિધ સમાજનું આલેખન પણ અહી થયેલું જોવા મળે છે. આ નવલકથામાં કોઈ એક નાયક કે નાયિકા કેંદ્રમાં નથી પણ સમગ્ર દલિત સમુદાય છે તેથી તે દલિત રચનાઓમાં પોતાની એક અલગ છાપ પ્રસ્તુત કરે છે.આ નવલકથા આઝાદીપૂર્વેના ગામડામાં વસતા દલિત સમાજની પીડાને રજૂ કરે છે.અહી દલિતોની સામાજિક,આર્થિક,સાંસ્કૃતિક સ્થિતિનું નિરુપણ સર્જકે કર્યુ છે તો બિનદલિત સમાજનું આલેખન પણ કર્યુ છે.જો કે, અહી દલિત સમાજના પાત્રો આદર્શવાળા અને સવર્ણ પાત્રો માત્ર ખામીવાળા વધારે ચિત્રિત થયા છે.દલિત સમાજમાં પણ અંદરોઅંદર ચાલતી ખેંચતાણને તેઓ અહી રજૂ કરી શક્યા નથી.તેમની બીજી નવલકથા 'ગીધ' ગુજરાતી દલિત સાહિત્યમાં જ નહી; મુખ્ય ધારાના ગુજરાતી કથા સાહિત્યમાં પણ તેના કથાવસ્તુને લીધે એક અલગ છાપ પાડે છે.આ નવલકથા પણ આઝાદી પૂર્વેના ગામડાના સાંમતશાહી વાતાવરણને રજૂ કરે

છે.ભલાભાની સ્મૃતિમાં આરંભતી આ નવલકથા ઈસાના ખરેખર તો દલિત સમાજના કરુણ-હૃદયદ્રાવક જીવનની વાત કરે છે. કથાનાયક ઈસાને દિવાળી પ્રત્યે આકર્ષણ તો છે પણ દલિત હોવાને લીધે તે આગળ વધી શકતો નથી પરંતુ કથાનાયિકાની શારીરિક હવસને લીધે અજાણતા જ તે સવર્ણ સમાજના જાતિવાદી ચહેરાનો ભોગ બને છે.દલપત ચૌહાણની આ કથાનો નાયક એ રીતે અલગ છે કે સર્જકે આ પાત્રને જોસેફ મેકવાનની નવલકથાઓના દલિત પાત્રોની જેમ આદર્શવાદી ચિત્ર્યો નથી. એટલું જ નહી પણ તેમણે પોતાની પહેલી નવલકથામાં જે ભૂલ કરી હતી તેને તેમણે અહી ભૂલસુધાર કરી છે. સર્જકે અહી દલિતોમાં પણ અંદરોઅંદર ચાલતી ખેંચતાણને પણ ચિત્રિત કરી છે કહો કે ખાંચાખુચીવાળો જમીની ભોય ધરાવતો દલિત સમાજ આલેખ્યો છે.દલિતોની સામજિક,આર્થિક,ધાર્મિક,સાંસ્કૃતિક સ્થિતિનું આલેખન અહી થયેલું જોવા મળે છે.બિન દલિત વિવિધ સમાજનું થયેલું આલેખન પણ આપણને આકર્ષી જાય છે.પ્રેમકથાનું માળખું બાંધીને રજુ થતી નવલકથાઓ ગુજરાતી સાહિત્યમાં મળે છે. આ નવલકથામાં કઈક અંશે આ માળખું બંધાતું જોઈ શકાય છે. અહી વિશેષતા એ છે કે નાયક અને નાયિકા બન્ને અલગ જાતિના છે. અને આ જાતિની સભાનતા જ નાયકને આગળ વધતા અટકાવે છે. નાયિકા તરફથી પ્રથમ પહેલ થતી હોવા છતાં ઉત્સુક હોવા છતાં નાયક કશું કરી શકતો નથી. સર્જકે ખુબ જ સંયતપૂર્વક નાયક અને નાયિકા વચ્ચેની પ્રેમવાસનાની પળોને નિરુપિત કરી છે. જે આ નવલકથાની વિશેષતા છે. સર્જકે અહી દલિત સમાજની સાથોસાથ વિવિધ બિનદલિત સમાજનું કરેલું નિરુપણ પણ દલિત અને સવર્ણ સમાજ વચ્ચેના સંબંધોને સમજવામાં ઉપકારક બને છે. અહી ચૌધરી અને કોળી-ઠાકોર સમાજનું,એની સામાજિક-સાંસ્કૃતિક સ્થિતિઓનું પણ નિરુપણ કર્યુ છે. આ નવલકથામાં ગામડાનું એક સ્પષ્ટ અને સાચું ચિત્ર આપણી સમક્ષ રજુ થયુ છે.ખેડુતને ત્યાં કરાર આધારિત મજુર તરીકે રહેનાર દલિતને અસ્પૃશ્યતાભરી ગુલામીનો ભોગ બનવું પડે છે. તેની અનુભૂતિ ઈસાના પાત્ર દ્વારા થાય છે.

‘ગીધ’ બાદ તેમની પાસેથી ‘ભળભાંખળું’નવલકથા મળે છે. આ નવલકથા એ રીતે અલગ છે કે દલિત સમાજના ઉદ્ધાર માટે જેની અતિઆવશ્યકતા છે તે શિક્ષણની સમસ્યાને રજૂ કરે છે.શ્રીમંત સયાજીરાવ ગાયકવાડે વીસમી સદીના પ્રારંભે પોતાના રાજ્યમાં દલિતો માટે મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ આપવાનો અમલ શરુ કર્યો. શાળામાં બાળક ભણવા ન જાય તો દંડની જોગવાઈ કરી. શિક્ષણ માટેની આટલી સુવિધા હોવા છતાં સવર્ણો દલિતોના બાળકો ન ભણે એ માટે અડચણો ઊભી કરી. આ જ સમયના જાતિવાદી ચહેરાને આ નવલકથા આલેખે છે. પહેલી બે નવલકથાઓની જેમ આ નવલકથામાં આઝાદી પૂર્વેનો દલિત સમાજ આલેખાયો છે.શિક્ષણ મેળવવા માટે દલિતોએ કરેલા સંઘર્ષને આ નવલકથા આલેખે છે.આ નવલકથામાં દલિતોની આર્થિક,સામાજિક,સાંસ્કૃતિક અને રાજકીય સ્થિતિને નિરુપિત કરી છે. દલિત સમાજમાં પણ જોવા મળતી આંતરિક અસ્પૃશ્યતાને આ નવલકથા આલેખે છે. દલિત સમાજમાં પણ ઉચનીચનો ભેદ જોવા મળે છે. જેમાં વણકરનું સ્થાન પ્રથમ છે. ત્યારબાદ મિયોર,સેનમા અને છેલ્લે ઓરગણાનો ક્રમ આવે છે. વણકરો મિયોરના ઘરનું પાણી પીતા નથી.ઓરગણાના છોકરા સાથે વણકરો પોતાના છોકરાને બેસાડવા માત્રથી અભડાય જાય છે. આમ અહી સર્જકે દલિત સમાજની પણ ખામીઓને પ્રગટ કરી આપી છે. દલપત ચૌહાણે આ નવલકથામાં અગાઉની બન્ને નવલકથાની જેમ દલિત સમાજના સાંસ્કૃતિક સંદર્ભને તંતોતંત પ્રગટ કર્યો છે.દલિત સમાજની

ખાણીપીણી,ધાર્મિક વિધિવિધાન,લગ્ન પ્રસંગે થતા વિવિધ સામાજિક રીતરિવાજો,પાટપરંપરા વગેરેનું નિરુપણ કર્યું છે.તો આંજણા,ઠાકોર,રાવળ,વાળંદ,દેસાઇ,કુંભાર,વાઘરી જેવા બિનદલિત સમાજનું તેમની સામાજિક-સાંસ્કૃતિક પરિસ્થિતિઓ સમેતનું આલેખન કર્યું છે.તેમની ચોથી નવલકથા ‘રાશવા સૂરજ’ એ ‘ભળભાંખળું’ નવલકથાનું અનુસંધાન સાંધતી રચના છે. વાલા અને અંબાની દીકરી મણિના લગ્ન સમયે અપાતા ચરુડી-ઘુણિયાના પ્રસંગ સંદર્ભ સાથે આ નવલકથા ઊઘડે છે. સર્જકે દલિતોના વિકાસનો ગ્રાફ આ સાથે આલેખી આપ્યો છે. ગામડું દલિતો માટે નર્કસમાન છે. એ વિધાનને આ નવલકથા ચરિતાર્થ કરે છે. સર્વજ્ઞ કથક દ્વારા આ નવલકથા નિરુપાઇ છે. સર્જકે અગાઉની નવલકથાઓની જેમ અહી પણ દલિત સમાજની આર્થિક,સામાજિક,સાંસ્કૃતિક સ્થિતિઓની સાથોસાથ બિનદલિત વિવિધ સમાજનું આલેખન એના સંદર્ભો સાથે કર્યું છે. રઘુવીર ચૌધરી પાસેથી જેમ ઉપરવાસ કથાત્રયી મળે છે એમ દલપત ચૌહાણ પાસેથી ઉત્તર ગુજરાતના દલિતોના સામાજિક ઈતિહાસને પ્રસ્તુત કરતી ‘ભળભાંખળું’,‘રાશવા સૂરજ’ અને ‘બપોર’ નવલકથા મળે છે.

પ્રકરણ પાંચમાં વાર્તાકાર દલપત ચૌહાણનો અભ્યાસ કરવામાં આવ્યો છે. તેમની પાસેથી ત્રણ વાર્તાસંગ્રહો મળે છે. ‘મૂંઝારો’,‘ડર’ અને ‘ભેલાણ’. આ ઉપરાંત ચોથો વાર્તાસંગ્રહ થાય એટલી વાર્તાઓ સામયિકોમાં છપાઇ છે.તેમના આ ત્રણ વાર્તાસંગ્રહોમાંથી પસાર થતા વિષયવસ્તુની દૃષ્ટિએ વાર્તાના વિવિધ જૂથો મળે છે. જેમકે દલિત સમાજમાં રહેલી સ્વમાનની ભાવનાને રજુ કરતી વાર્તાઓ,દલિતોના થતા સામાજિક,આર્થિક,જાતિગત શોષણને વ્યક્ત કરતી વાર્તાઓ,ઉપકારનો બદલો અપકારથી મેળવતા દલિતોની દુર્દશાનું નિરુપણ કરતી વાર્તાઓ,દલિત સમાજમાં પ્રવર્તતી અંધશ્રદ્ધાને કેંદ્રમાં રાખીને લખાયેલી વાર્તાઓ,અસ્પૃશ્યતા કેંદ્રિત વાર્તાઓ આ ઉપરાંત બીજા અનેક ભાવોને વ્યક્ત કરતી વાર્તાઓ મળે છે જેમાં ક્ષદલિત સમાજની સંવેદનાને સર્જકે પોતાની વાર્તાકળા દ્વારા રજુ કરી છે. ‘ભૂખ’,‘ના ખપે’,‘કાળકામાની જે’,‘ગાંઠ’ વાર્તાઓ દલિત સમાજમાં રહેલી સ્વમાનની ભાવનાને રજુ કરે છે. અહી સવર્ણો દ્વારા દલિતોના થતા અમાનવીય શોષણનું તો નિરુપણ થવા પામ્યું છે પણ એની સાથોસાથ વાર્તાના અંતે વાર્તાનાયકનું સ્વમાની વ્યક્તિત્વ પ્રગટ થવા પામ્યું છે. ‘ના ખપે’ નો વાર્તાનાયક શહેરી પરિવેશમાં રહે છે. પોતાના વતન-ગામમાં આવ્યો છે. ગામડું બહારથી તો બદલાયેલું તેને લાગે છે પણ ઘર બનાવવાના સંદર્ભે તેને જાતિવાદનો અનુભવ થાય છે. તો ‘કાળકામાની જે’ વાર્તામાં દલિત સમાજ સામાજિક પરંપરા સામે બંડ પોકારે છે અને સ્વમાન ખાતર ગામલોકોના આગ્રહ છતાં ભંડારામાં જતા નથી એટલું જ નહી કૂતરાઓને પણ જવા દેતા નથી. દલિતોમાં આવેલી જાગૃતિ અને એકતાનું સૂચન આ વાર્તા કરે છે. ‘ગાંઠ’ વાર્તાનો નાયક મુખીએ કરેલા અપમાનના બદલામાં પ્રતિકારરુપે ગામમાં જવાનું,ઢોલ વગાડવાનું,ઘરાકપણું છોડી દે છે અને મનમાં ગાંઠ વાળે છે કે મુખીની સામે જ ગામ વચ્ચે પોતે મૂંછો આંબડશે. નાટકીય રીતે સર્જકે તેમના આ બદલાને વાર્તામાં આલેખ્યો છે.‘ઘર’,‘ન્યાય’,‘ડર’ જેવી વાર્તાઓમાં દલિતોનાં થતાં સામાજિક,આર્થિક અને જાતિગત શોષણને રજુ કર્યું છે. ‘ઘર’ વાર્તાનો નાયક કાળું મહેનત મજુરી કરતા એકઠા થયેલા પૈસાથી મેળીબંધ ઘર બનાવવાનું સ્વપ્ન જુએ છે પણ ગામ એ માટે પરવાનગી આપતું નથી.આ માટે મુખીને મનાવી લેવાના અનેક પ્રયત્નો કરે છે. પૈસા-દારું આપે છે. આખરે પરવાનગી તો મળે છે પણ ઘર ગામે નક્કી કરેલા દાયરામાં બનાવવું પડે છે. ઘર બને છે પણ

ઘરમાં રહેવા જતા પહેલાં જ સળગાવી મૂકવામાં આવે છે. દલિતોની આ પ્રકારની દબાયેલી સામાજિક સ્થિતિનું નિરુપણ આ વાર્તા કરે છે. 'ન્યાય' વાર્તામાં દલિત નાયક કાળાના ખેતરના બાજરીના ઉભા પાકને સવર્ણ હઠોજી ભેલાણ કરે છે. કારણ કે કાળાએ હઠાજીની વાતનો અસ્વીકાર કર્યો હતો. આ બાબતે સૌથી વધુ નુકશાન કાળુનું થયુ હોવા છતાં ગામના મુખી દ્વારા અન્યાય કરવામાં આવે છે.સામંતશાહી પરિવેશને નિરુપતી આ વાર્તા ગામડાની ભયાનકતાને પણ ખુલ્લી પાડે છે.'ડર' મધ્યગુજરાતના ચરોતર પ્રદેશના દલિત સમાજની વેદનાને અભિવ્યક્ત કરે છે. ઉત્તર ગુજરાતના વતની સર્જકે અહી ચરોતર પ્રદેશની બોલીનો,પરિવેશનો પ્રયોગ વાર્તામાં કર્યો છે. અહી સર્જકે દલિત સમાજની આંતરક્રિયાઓનું,એના ભીરું ડરપોક સ્વભાવનું આલેખન એની પુરી સ્વાભાવિકતા સાથે કર્યુ છે. 'બદલો','એરું ઝાંઝરું','ગંગામા','ઠંડુ લોહી'જેવી વાર્તાઓ ઉપકારનો બદલો અપકારથી મેળવતા દલિતોની દુર્દશાનું નિરુપણ કરે છે. 'બદલો'માં ગામડાનો સામંતશાહી પરિવેશ આલેખાયો છે. બિમાર ગોકળને વજેસંગ લાકડી વડે ઢોર માર મારે છે કારણ કે તે એની હાજરીમાં ખાટલીમાં પડયો રહ્યો હતો. આ જ વજેસંગના બાપાને દૂકાળની પરિસ્થિતિમાં ગોકળે કાંકણિયો આપી જીવાડયો હતો તેનો જ દીકરો આજે ગોકળને મારે છે. વાર્તાના અંતે ગોકળને માર્યા પછી હાક-થુઉ કરીને થૂકતો વજેસંગ પોતાના ગુસ્સાને શાંત પાડે છે તો બીજી તરફ વજેસંગના બાપાનો કરગરતો અવાજ યાદ આવતા હાક-થુઉ કરીને થૂંકવાનો પ્રયત્ન કરતા ગોકળનો વિદ્રોહ રજુ થયો છે. અહી સર્જકે સન્નિધિકરણની ટેકનિકનો પ્રયોગ કરી ગોકળની લાચારીને સરસ રીતે રજુ કરી છે. 'એરું ઝાંઝરું'વાર્તામાં ઓરગણાવાસમાં રહેતા વીરા ઓરગણાના છોકરાને એરું આભડે છે. એરું ઉતારનાર ગોર મહારાજનો ભગત મોહન રબારી ઓરગણાવાસમાં પહોચે છે પરંતુ તે ઝેર ચૂસતો નથી તેથી શિવલો મૃત્યુ પામે છે. આ જ મોહન રબારીને વીરાએ ભૂતકાળમાં મદદ કરી હતી.મદદ લેતા તેને કોઈ આભડછેટ નડી નહોતી. પરંતુ શિવલાને બચાવવા જતા તેનું આભડછેટનું ભૂત ધુણે છે. વાર્તાના અંતે વીરાનો આક્રોશ થૂંકવાની ક્રિયા દ્વારા વ્યક્ત કર્યો છે. આ વાર્તામાં પણ સર્જકે પોતાની પ્રિય સન્નિધિકરણની ટેકનિકનો પ્રયોગ કર્યો છે.'ગંગામા','ઠંડુ લોહી'જેવી વાર્તાઓમાં પણ સ્વાર્થી,સવર્ણ સમાજ આલેખાયો છે. 'હડકાયું કૂતરું','રોટલો'જેવી વાર્તાઓ દલિત સમાજમાં પ્રવર્તતી અંધશ્રદ્ધાને રજુ કરે છે. દલિતોની બરબાદીના કારણોમાં આવી જડ અંધમાન્યતાઓનો ફાળો મોટો છે. તો 'કાતોર','ટોડલો','કાંધિયો','ઈન્સ્પેક્શન','છાંટ' અસ્પૃશ્યતાને રજુ કરતી વાર્તાઓ છે. તેમની વાર્તાઓમાં ઉત્તર ગુજરાતની તળપદી બોલીનો વિનિયોગ થયેલો જોવા મળે છે. તો 'ડર' જેવી વાર્તામાં મધ્ય ગુજરાતની ચરોતરી બોલીનો વિનિયોગ કરેલો જોવા મળે છે. તેમની વાર્તાઓમાં આલેખાયેલા પાત્રો સાચાં,વાસ્તવિક ભૂમિના છે. આ પાત્રો સાથે તેમને બોલચાલનો સંબંધ હતો અને તેથી જ સર્જકે તેમની પીડા-સંવેદનાને પ્રતિબદ્ધતાપૂર્વક વાસ્તવિક રુપે જ આલેખવાનો પ્રયત્ન કર્યો છે.

પ્રકરણ છમાં નાટયકાર દલપત ચૌહાણનો અભ્યાસ રજુ કરવામાં આવ્યો છે.ગુજરાતી દલિત સાહિત્યમાં નાટક-એકાંકીના સ્વરુપની રચનાઓ વધુ મળતી નથી. નાટક એ જનજાગૃતિ લાવવાનું મહત્વનું માધ્યમ છે. સર્જક દલપત ચૌહાણ પાસેથી ગુજરાતી દલિત સાહિત્યને પૂર્ણ કદના નાટક-એકાંકી મળે છે. તેમની પાસેથી મહાભારતની કથાને વિષયવસ્તુ બનાવતા બે નાટકો 'અનાર્યાવર્ત'અને 'અંતિમ

ધ્યેય'મળે છે. તો વીર મેઘમાયાનું લોકકથા આધારિત કથાવસ્તુ પ્રસ્તુત કરતું 'પાટણને ગોંદરે'નાટક મળે છે. 'અનાર્યાવર્ત'નાટકમાં મહાભારતના આદર્શ પાત્ર દેવવ્રત-ભીષ્મને મૂલવવાનો એક જુદો જ દૃષ્ટિકોણ રજુ કર્યો છે. અહી દ્વૈપાયનનું પાત્ર દેવવ્રતની રાજરમતને ખુલ્લી પાડવાનું કાર્ય કરે છે. ભીષ્મના વર્તનની,વ્યક્તિત્વની વિસંગતતાઓને ખુલ્લી પાડે છે. અનાર્ય દસરાજપુત્રી મત્સ્યગંધા,પારાશરમુનિના બળાત્કારનો ભોગ બનેલી માછીમાર કન્યા અને હસ્તિનાપુરના રાજા શાંતનુની પત્ની સત્યવતી એમ આ પાત્રની વિવિધ અવસ્થાઓનું ચિત્ર આ નાટકમાં મળે છે. નાટકમાં આ પાત્રને સર્જકે સતત મનોસંઘર્ષ અનુભવતુ આલેખ્યુ છે. મહાભારત પર આધારિત અનાર્યાવર્ત નાટકની ભાષા શિષ્ટ-તત્સમ છે જો કે ક્યાંક તળપદા તેમજ દેશ્ય શબ્દો પણ પ્રયોજાયેલા જોવા મળે છે. સર્જકે પાત્રને અનુરુપ ભાષાનો પ્રયોગ કર્યો છે. અહી પાત્રોની ભાષામાં ક્રિયાનું તત્વ જોવા મળે છે. 'અંતિમ ધ્યેય' મહાભારતના કથાવસ્તુ પર આધારિત નાટક છે. જેમાં સર્જકે કેટલાક ફેરફારો કર્યા છે.મૂળ મહાભારતમાં ન હોય તેવા જર અને ચાકુ જેવા પાત્રોનું સર્જન આ સર્જકે કર્યુ છે. એકલવ્ય જરાસંઘના વિષ્ટિકાર-સંદેશાવાહક તરીકે જંગલમાંથી પસાર થતા એકલવ્યનું કૃષ્ણએ છળકપટથી ખૂન કર્યુ અને આ ખૂનનો બદલો લેવાની પ્રતિજ્ઞા-અંતિમ ધ્યેય જર અને ચાકુ લે છે. આ અંતિમ ધ્યેયની પ્રાપ્તિ અર્થે થતી ગતિવિધિનું નિરુપણ સર્જકે પોતાની મૌલિક રીતે કર્યુ છે. આ નાટકમાં એકલવ્યના પાત્રને કેંદ્ર બનાવી કૃષ્ણના વધને અંતિમ ધ્યેય તરીકે રજુ કર્યુ છે. અહી કૃષ્ણના પાત્રને સર્જકે પુરા માનવીય ભાવવાળો ચિત્રિત કર્યો છે.દિવ્યતાની કોઈ આભા આ પાત્રમાં સર્જકે બતાવી નથી. કૃષ્ણના સંહારક પાસાંનું આલેખન આ નાટકમાં થયુ છે. જે આ નાટકની વિશેષતા છે. આ નાટકમાં આલેખાયેલા એકલવ્યપુત્ર જર અને ચાકુ સર્જકના પોતાના કાલ્પનિક પાત્રો છે. મહાભારતમાં એકલવ્યના પરિવાર વિશે કોઈ માહિતી નથી. બીજા અંકના અંતિમ દૃશ્યમાં જર અને કૃષ્ણ વચ્ચેના સંવાદો આ નાટકનું આકર્ષક પાસું છે. અહી દીર્ઘની સાથે ટૂંકા સંવાદોનું મિશ્રણ થયેલું જોવા મળે છે. 'પાટણને ગોંદરે' નાટક ત્રણ અંક અને સાત દૃશ્યોમાં વિભાજીત છે. સામાન્ય રીતે ઈતિહાસમાં અને લોકકથામાં વીરમાયાને તેના બલિદાન માટે ઓળખવામાં આવે છે તે બત્રીસલક્ષણો પુરુષ હતો અને સિદ્ધરાજ જયસિંહે બંધાવેલા તળાવમાં પાણી ભરાય એ માટે તેનો બલિ ચઢાવામાં આવ્યો હતો. આ નાટકમાં દલપત ચૌહાણે ઈતિહાસના અંધારા ખૂણામાં ધરબાય ગયેલી કેટલીક તથ્યમૂલક બાબતોને પ્રકાશમાં લાવ્યા છે. જેમકે બત્રીસલક્ષણો એ તો ઘઢી કાઢેલી દંતકથા છે. હકીકતમાં તો વીર માયો એ તો રાજ્યની,ધર્મની અન્યાયપૂર્ણ-અમાનવીય વ્યવસ્થા વિરુદ્ધ વિદ્રોહ કરનાર,દલિતોમાં સ્વમાનની ભાવના જગાવનાર ક્રાતિવીર હતો. જે આ નાટક દ્વારા સમજાય છે. દલિતોના વિદ્રોહને દબાવી દેવા ખુબ જ કુશળતાપૂર્વક વીર માયાને મોતને ઘાટ ઉતારવામાં આવે છે. નાટયકારે વીર માયાની લોકકથામાં માયાના બલિદાન વિશેની જે ગેરસમજો હતી તેને દૂર કરવાનો અને તેના બલિદાન પાછળના સાચા કારણોને સ્થાપિત કરવાનો આ નાટકમાં પ્રયાસ કર્યો છે. તેમની પાસેથી 'હરીફાઈ' દલિત એકાંકી સંગ્રહ પણ મળે છે.તેઓ પોતાના આ એકાંકીસંગ્રહને સ્પષ્ટ રીતે દલિત એકાંકીસંગ્રહ તરીકે ઓળખાવે છે પણ સંગ્રહના તમામ એકાંકીઓમાંથી પસાર થતા 'ગળફાંસો','દીવાલો', 'સંજય અને છગન' રચનાઓ જ દલિત એકાંકી હોવાની છાપ છોડે છે.તેમના આ એકાંકીઓ રચનારીતિની દૃષ્ટિએ સંસ્કૃત અને ગુજરાતી

લોકનાટ્ય ભવાઈનો વિનિયોગ કરે છે. અવાજનો પણ તેમણે એક પાત્રરુપે વિનિયોગ કર્યો છે. જે આ એકાંકીઓની વિશેષતા છે.

પ્રકરણ સાતમાં વિવેચક દલપત ચૌહાણનો અભ્યાસ રજુ કર્યો છે. સર્જકની સાથોસાથ વિવેચકની ફરજ પણ તેમને નિભાવી છે.તેમની પાસેથી ત્રણ વિવેચન લેખસંગ્રહ મળે છે.‘પદચિન્હ’,‘સમર્થન’ અને ‘શબ્દભેદ’. આ ત્રણેયમાં સમાવિષ્ટ લેખો જુદા જુદા સમયે પરિસંવાદ કે કૉલેજોમાં તેમણે આપેલા વ્યાખ્યાનો છે. અહી કવિતાથી લઈને વાર્તા,નવલકથા,નાટક,આત્મકથા,ભવાઈ,એકાંકી વગેરે સ્વરુપોની કૃતિઓની આસ્વાદ-સમીક્ષા કરતા લેખો મળે છે.

પ્રકરણ આઠમાં દલપત ચૌહાણના પ્રકીર્ણ સાહિત્યનો અભ્યાસ રજુ કર્યો છે. કવિતા,વાર્તા,નવલકથા નાટક,એકાંકીક્ષેત્રે દલિત સંવેદનાને અભિવ્યક્ત કરનાર દલપર ચૌહાણ પાસેથી ગુજરાતી દલિત સાહિત્યની ચાર દાયકાની સફરને રજુ કરતો ગુજરાતી દલિત સાહિત્યનો ઈતિહાસ ‘ગુજરાતી દલિત સાહિત્યની કેડીએ’ મળે છે.જે તેમનું મહત્ત્વનું પ્રદાન છે.જેમાં તેમણે પરિબળો અને પરિમાણો સમેત ગુજરાતી દલિત સાહિત્યની ગતિવિધિ પ્રસ્તુત કરી છે. તો ઉત્તર ગુજરાતના દોતોર પરગણાની બોલીનો શબ્દકોશ ‘તળની બોલી’મળે છે. જેમાં તેમનો સંશોધનાત્મક પરિશ્રમ જણાય આવે છે. લુપ્ત થતા જતા બોલીના શબ્દોનું દસ્તાવેજીકરણ કરી આપ્યું છે. તેમને નિબંધક્ષેત્રે પણ હાથ અજમાવ્યો છે.રેખાચિત્ર અને જીવનચરિત્રાત્મક દલિત નિબંધ તો મળ્યા છે પણ ‘હું,સંભારણા અને સફર’ગુજરાતી દલિત સાહિત્યમાં એક અલગ ભાત પાડે છે. અહી સર્જક સંવેદના ‘હું’ રુપે,પ્રિય સ્નેહીજનોની સંવેદના ‘સંભારણા’રુપે તો પ્રવાસ સ્થળ સાથે સંબધિત દલિત સંવેદના સફરરુપે અભિવ્યક્ત થવા પામી છે.સંપાદક તરીકેની ભૂમિકા પણ તેમને નિભાવી છે. ગુજરાતી દલિત સાહિત્યની સત્વશીલ કૃતિઓને તટસ્થતાપૂર્વક સ્થાન આપવાનું કામ તેમણે પોતાના સંપાદનમાં કર્યુ છે.

તેમની રચનાઓનાં અન્ય ભાષાઓમાં અનુવાદો પણ થયા છે. આવા પ્રતિબદ્ધ અને ગુજરાતી દલિત સાહિત્યના મક્કમ અને પડઘમ અવાજ દલપત ચૌહાણનું ગુજરાતી દલિત સાહિત્યમાં અનન્ય પ્રદાન છે.જેની નોંધ ગુજરાતી દલિત સાહિત્યમાં અવશ્ય લેવાશે.